# ટ્રેક નં. ૨૭ : રુચિ, જિજ્ઞાસા વિષે

✻ 'રુચિ અનુયાયી વીર્ય'. રુચિ વધારવા શું કરવું? જાણો આ વિધિ પૂજ્ય બેનશ્રીની તત્વચર્ચામાંથી.

✻ માંગલિક :

✻ ભક્તિ :રુચિનો પરથમ પલટો થાય, ઉપયોગ મેળે ઝૂકી જાય,
ધ્રુવ ધારાના ધોધ વહાય, દશા તો રમઝટ કરતી જાય.

✻ પ્રશ્ન : રુચિ હોય અમને લોકોને પણ બહુ પ્રતિકૂળતા હોય અને બીજું કંઈ એવું બને તો ફરક પડી જાય એમાં? તરત જ એમાંથી ખસી જાય છે એનું શું કારણ?

● ઉત્તર : અનાદિકાળનો અભ્યાસ છે ને એટલે બીજામાં એ તણાઈ જાય છે પણ એને માટે વારંવાર પ્રયત્ન કરવો કે સાચું તો આ જ છે. સાચું આ. જ્ઞાયકમાંથી. અંતરમાંથી જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, આનંદ જે પ્રગટે છે એ જ સાચું. ખરું એ જ છે. અને કરવા જેવું એ જ છે. એની મહિમા, એની લગની, વારંવાર પ્રયત્ન કરીને ફેરવ્યા કરવું. તો એ કરવા જેવું છે. આ અભ્યાસ અનાદિનો છે એટલે એ તરફ ચાલ્યો જાય છે. ખરું એ છે. 'અંતરમાં હું નિર્વિકલ્પ તત્વ છું. આ દેહ મારો નથી. હું દેહથી અતીત, વચનથી અતીત અને વિકલ્પથી અતીત ચૈતન્ય તત્વ છું. આ શરીરમાં રોગ આવે, પણ હું એ નથી. હું તો રોગ વગરનો જ્ઞાયક. રોગ પ્રવેશ કરતો નથી આત્મામાં. આત્મા તો જ્ઞાનઘન છે. આનંદઘન છે. એમાં બહારનો કોઈ પદાર્થ પ્રવેશ કરતો નથી. બહારની કોઈ જાતની વિક્રિયા થાય એ કંઈ મારા આત્મામાં પ્રવેશ કરતી નથી. હું તો અત્યંત જુદો છું.' એવી ભાવના કરે, વારંવાર એનો પ્રયત્ન કરે તો એ પ્રગટ્યા વગર રહેતો નથી. જ્ઞાનીને આનંદની લહેર છે પણ જ્ઞાનદશા નથી પ્રગટી તો પણ પોતે ભાવના કરે જ્ઞાનદશાની એની સમીપ આવીને તો પણ એને આનંદ અને ઉત્સાહ પ્રગટે છે. ભલે આત્માનો આનંદ તો એક

જુદી વાત છે. પણ એ તરફનો પ્રયત્ન કરે તો એને અંતરમાં એ જાતની શાંતિ અને આનંદ રહે છે. ૧.

✻ પ્રશ્ન : માતાજી, આશીર્વાદ દો કે ક્ષયોપશમ જાગ જાય.

● ઉત્તર : (હિંમતભાઈ : ક્ષયોપશમકી કોઈ કિંમત નહીં હૈ.) ક્ષયોપશમકી વિશેષતા નહીં હૈ. રુચિ આત્માકી હુએ તો પ્રયોજન જ્ઞાન હોયને કે 'મૈં જાનનેવાલા જ્ઞાયક હૂઁ, મેરા યે સ્વભાવ હૈ, યે વિભાવ હૈ' એ મૂળ પ્રયોજનભૂત તત્વકો જાને તો ઈતના ક્ષયોપશમ તો હોતા હી હૈ. ઔર વિશેષ ઐસા તર્ક અને વાદ અને વિવાદ ઐસા નહીં જાને તો ઉસકા કુછ જરૂરત નહી હૈ. મૂળ ક્ષયોપશમ ઐસા પ્રયોજનભૂત તત્વોકો જાન લેના યાને છ દ્રવ્યમેં એક જીવતત્વ ઈસકો ગ્રહણ કરું, નવ તત્વમેં એક જીવતત્વકો ગ્રહણ કરું. અપના અનાદિ અનંત પારિણામિક ભાવ, અનાદિ અનંત જ્ઞાયક ભાવ—ઐસે મૂળ તત્વકો ગ્રહણ કરું. દૂસરા તો જ્ઞાનમેં જાનનેમેં આતા હૈ કિ યે ગુણકા ભેદ હૈ, યે પર્યાય હૈ, યે ગુણ હૈ, યે પર્યાય હૈ એ સબ. યે સબ જાન લેના. દૃષ્ટિ તો એક આત્મા ઉપર હી રખના હૈ. દૃષ્ટિ આત્મા ઉપર અને જ્ઞાનમેં જાન લેના કે યે ગુણ હૈ, યે પર્યાય હૈ, મૂળ સમ્યગ્દર્શન (કરના હૈ.) ૨.

❀ બહેનશ્રી : ભલે શુભભાવ આવે એને. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા આવે એને શુભભાવમાં છે એટલે. કોઈ અશુભમાં ન જાય. શુભભાવ આવે પણ એને આદરણીય એક નિર્વિકલ્પ તત્વ જ છે. શુભભાવની રુચિ ન થાય. એ અનંતવાર કર્યું. દ્રવ્યલિંગી મુનિ થયો. બધું કર્યું પણ એને શુભભાવની અંદર રુચિ રહી જાય છે અંતરમાં કે આ કંઈ મહાવ્રત ને બધું (પાળું એવી) શુભભાવની અંતરમાં રુચિ રહે છે કે આ ઠીક છે. આ પ્રવૃત્તિ ઠીક છે, શુભભાવ આ ઠીક છે, એવી અંદર મીઠાશ રહી જાય છે. જે ગુરુ કહે છે કે દેવ કહે છે અને તત્વનું સ્વરૂપ જ એવું છે એમ પોતે બુદ્ધિથી વિચાર કરીને નક્કી કરે આ બધા ભાવો છે. એ ભાવથી પણ હું જુદો છું. જેમ સિદ્ધ ભગવાન

નિર્વિકલ્પ તત્વ. એને કોઈ જાતના બહારના વિકલ્પ નથી. નથી વિકલ્પની આકુળતા. એકદમ નિર્વિકલ્પ તત્વ. આત્મામાં આનંદ, આત્મામાં જ્ઞાન. બસ! એ નિવૃત્ત પરિણામ રૂપે જેને સ્વરૂપમાં પરિણતિ છે અને પરથી નિવૃત્તિ છે એવા જે સિદ્ધ ભગવાન એવું જ આત્માનું સ્વરૂપ છે અને તે જ આદરણીય છે. બીજું કંઈ આદરણીય નથી. મારું સ્વરૂપ નથી. એવી એને રુચિ અને પ્રીતિ અંદરમાંથી આવે. ક્યાંક ક્યાંક રોકાઈ ગયો છે. બાકી ક્રિયામાં, કાંઈ શુભ ભાવનામાં, ઊંચામાં ઊંચા શુભ વિકલ્પ આવે કે 'હું જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર છું' એવા ગુણોના ભેદ પડે એ વિકલ્પ વચ્ચે આવે ખરા, પણ એ વિકલ્પ મારું સ્વરૂપ નથી. મૂળ સ્વરૂપ નથી. હું તો અભેદ તત્વ-જ્ઞાન, દર્શન, ચારિત્ર એવા ગુણભેદના પણ એ વિકલ્પ વચ્ચે આવે છે. બધા ગુણો છે આત્મામાં, પણ આત્મા તો અખંડ છે એવી એની રુચિ લાગે. જો સમજે ઊંડાણથી ઓછું પણ એને રુચિ-અંદરથી પ્રીતિ આવે તો એ 'ભાવનિર્વાણ ભાજનમ્'. ભલે સમજે ઓછું પણ રુચિ અને પ્રીતિ લાગવી જોઈએ એ વાતની—એવા નિર્વિકલ્પ તત્વની કે જેમાં કોઈ જાતની ક્રિયાની પ્રવૃત્તિ નથી કે જેમાં કોઈ વિકલ્પની જાળ નથી. કોઈ શુભ હો, ઊંચામાં ઊંચા શુભભાવ પણ આત્માનું સ્વરૂપ નથી એવી જ વાતની અંદરથી રુચિ લાગવી જોઈએ. પ્રીતિ પોતાને હોય પછી કરી ન શકે કે એને ભેદજ્ઞાન ન કરી શકે, એનો પુરુષાર્થ ન ચાલે, ભાવના હોય પણ એનો પુરુષાર્થ ચાલે નહીં. પણ એની રુચિ અને પ્રીતિ કોઈ અપૂર્વ હોય તો એ ભાવિ નિર્વાણનું ભાજન થાય છે. તો એને ઉપાદાનમાં એટલું તો હોવું જોઈએ. પોતાની રુચિ એ તરફ હોવી જોઈએ. બધું લૌકિકનું ગૌણ થઈને આત્મા તરફની રુચિ એને મુખ્ય થાય. આત્માની વાત, જિનેન્દ્ર દેવ, ગુરુ-શાસ્ત્ર અને આત્મા—એ એને મુખ્ય રહેવા જોઈએ. પરિણામ સ્વરૂપ આત્મા. બધું છૂટી જાય તો પણ આત્મામાંથી કાંઈ પ્રગટે છે. આત્મા ભરચક ભરેલો છે. એ કોઈ શૂન્ય નથી. એ તો અનંતા ગુણો અને

પર્યાયથી ભરેલો આત્મા—શુદ્ધાત્મા એમાંથી પ્રગટે છે. એ વાતનો વિશ્વાસ, રુચિ અંતરમાંથી એને આવવી જોઈએ. ૩.

✻ પ્રશ્ન : (એક આત્મા ઉપર રુચિ કર. એમ આવે છે ને ?)

● ઉત્તર : સ્વરૂપની પરિણતિ અને વિભાવથી નિવૃત્તિ. એક આત્મા ઉપર દૃષ્ટિ કરી તો બધે પહોંચી જાય છે. પછી જુદું જુદું ક્યાંય પહોંચવું નહીં પડે. જુદા જુદા વિચારો—એ જ્ઞાન ને દર્શન અને ચારિત્ર. જુદી જુદી સાધના કરવી નહીં પડે. એક દૃષ્ટિ આત્મા ઉપર મૂક તો બધા ગુણો 'સર્વ ગુણાંશ તે સમ્યક્‌દર્શન'. એક આત્મા ઉપર દૃષ્ટિ કરીશ તો તું બધે પહોંચી જઈશ. તારા બધા ગુણોની પર્યાયો પ્રગટ થઈ જશે. પણ એ તરફ દૃષ્ટિ સ્થાપી દે નિવૃત્ત સ્વરૂપમાં—આત્મામાં. એમ કહે છે. ૪.

✻ પ્રશ્ન : જિજ્ઞાસુ જીવ હોય અને જેને અંતર વલણ કરવાનો ભાવ ઉપડ્યો હોય, પણ દૃષ્ટિ હજી એને પ્રગટ નથી થઈ, અનુભવ નથી પ્રગટ થયો, પણ અનુભવ થયા પહેલાં એની શું સ્થિતિ હોય ?

● ઉત્તર : એને 'હું આત્મા ચૈતન્ય છું' એવી ભાવના રહે. એની હૂંફથી એણે એની સાથે મૂળ વસ્તુ સ્વરૂપે શુદ્ધ છું, છતાં પણ અધૂરી પર્યાય છે, એને હજી કાંઈ પ્રગટ થયું નથી એટલે જ્ઞાનમાં વિવેક કરે કે હજી કાંઈ પ્રગટ નથી થયું. હજી ન્યારો છે આત્મા, પણ ન્યારાની પરિણતિ પ્રગટ થઈ નથી. હજી એ પ્રગટ કરવાની બાકી છે. એવો જ્ઞાનમાં વિવેક કરે છે. પણ મારો આત્મા તો શુદ્ધ છે એવી એની દૃષ્ટિ, એવી જાતની બુદ્ધિથી નક્કી કર્યું છે પણ શુદ્ધતાનો કોઈ અનુભવ નથી માટે એ પુરુષાર્થ કર્યા કરે છે. એમ કે 'શુદ્ધ છું' પણ શુદ્ધતાનો કોઈ જાતનો અનુભવ નથી. માટે એ શુદ્ધતાનો કેવી રીતે અનુભવ થાય એનો પ્રયત્ન કરે છે, એનો અભ્યાસ કર્યા કરે છે. ૫.

✻ પ્રશ્ન : આમ એને ભાવમાં શુદ્ધતાની કંઈ હૂંફ જેવું લાગતું હશે ખરું ?

● ઉત્તર : અંતરથી મુક્ત જેવું ન લાગે પણ એની બુદ્ધિથી એમ

લાગે કે 'હું શુદ્ધ છું' અંતરથી જે અંતરવેદન થઈને જે હૂંફ આવવી જોઈએ એવી ન લાગે પણ એણે એમ નક્કી કર્યું કે 'હું શુદ્ધ છું' અને માર્ગ આ જ છે. આ માર્ગે જવાનું છે. એમાં આ ભેદજ્ઞાન પ્રગટ કરવાનું છે. માર્ગ આ છે. બીજો કોઈ માર્ગ નથી. બીજે ક્યાંય બહારમાં જવાનું નથી. આ અંતરમાં જ છે બધું. એમ એને હૂંફ લાગે. માર્ગનું નક્કીપણું આવ્યું છે એને. પણ અંતરની જે સ્વાનુભૂતિની અને જે અંતર જ્ઞાયકની—એવી હૂંફ નથી લાગતી. ૬.

**✻ પ્રશ્ન : પણ એ પહેલાં એકલા પાપમાં પડ્યા હોય, એ કરતાં એની મંદતા કરવાનું કે સીધી રુચિ પલટાય?**

● ઉત્તર : રુચિ પલટાય તો જ કષાયની મંદતા થાય છે. રુચિ પલટાયા વગર કષાયની મંદતા થતી નથી. જેને આત્માની અંદરની રુચિ થાય તેને તીવ્ર કષાયો જ નથી હોતા. કષાયો મોળા પડી જાય છે. જેને અંતર આત્મા તરફ રુચિ જાગે એને બધા કષાયો—રાગદ્વેષ, આકુળતા બધું જ મોળું જ થઈ જાય છે. જેને અંતરની રુચિ નથી. એને બહારથી કષાયો કદાચ મોળા પડે કે 'આ સારું નથી. આ હિતરૂપ નથી' એમ ઓઘે ઓઘે (દૂરથી) કરે, કષાયો મોળા પડે એવું તો જીવે અનંતકાળમાં ઘણુંય કર્યું છે. શુભ ભાવો પણ કર્યા છે. કષાયો મોળા કર્યા, ત્યાગ લીધા, ઉપવાસ કર્યા, મુનિપણા લીધા. બધું આત્માના લક્ષ વગર. ઘણી ક્રિયાઓ કરી, શુભભાવો કર્યા, બધું કર્યું, પણ એ એકડા વિનાના મીંડા જેવું થયું છે. કારણ કે એ પોતે આત્મા શું છે? એ તરફની રુચિ વગરના બધા કષાયો મંદ કરે તો એને કંઈ ધર્મનો લાભ કે સ્વભાવ પ્રગટ થતો નથી. માત્ર પુણ્ય બંધાય, પુણ્યથી દેવલોક થાય. તો દેવલોકથી કંઈ ભવનો અભાવ થતો નથી. એવા દેવના ભવ જીવે અનંતા કર્યા છે. એમાં કંઈ આત્મા નથી. દેવલોકમાં પણ આકુળતા રહેલી છે. માટે સમજ્યા વગરના કષાયો મંદ કરવા એથી પુણ્ય બંધ થાય છે. એનાથી કંઈ આત્માની પ્રાપ્તિ થતી નથી. આત્માની પ્રાપ્તિ તો સ્વભાવના લક્ષે 'હું કોણ છું? મારું શું સ્વરૂપ

છે? ધર્મ ક્યાં રહેલો છે?' એ બધા વિચાર કરીને નિર્ણય કરે, અંતરની રુચિ કરે તો ધર્મ થાય છે. બહારના કષાયો મંદ માત્ર કરવાથી કાંઈ ધર્મ થાતો નથી. ૭.

* પ્રશ્ન : રુચિ કેળવવા માટે શું કરવું?

● ઉત્તર : એ તો પોતે જ તૈયારી કરવાની છે ને? બીજું કોઈ કરી ન દે. પોતે જ કરવાની છે. 'કરવાનું આ જ છે' એમ પોતે નક્કી કરવાનું છે. આ મનુષ્ય જીવનની અંદર જેટલા પોતાના આત્માના અંદર સંસ્કાર પડે, આત્માનું સ્વરૂપ સમજાય, આત્માની મહિમા આવે એ જ કરવાનું છે. એ પોતે જ કરવાનું છે. કોઈ કાંઈ કરી દેતું નથી. વિચાર કરવા કે આ મનુષ્ય જીવનની અંદર આ પ્રવૃત્તિ બહારની છે એ કાંઈ આત્માને લાભરૂપ નથી. જેટલું અંદર વિચાર, વાંચન, આત્માની મહિમા થાય, તો આત્માની રુચિ જાગે, તો આત્માનું સ્વરૂપ સમજાય. આત્મા કોણ છે? તે ગુરુદેવે તો માર્ગ સમજાવ્યો. પણ પછી કરવાનું તો પોતાને જ રહે છે. પુરુષાર્થની મંદતા હોય તો એવા સંયોગની અંદર પોતે એકતા જેવું થઈ જાય છે. યાદ આવે કે એવા નિવૃત્તિના ક્ષેત્ર કે જ્યાં વિચાર, વાંચન થાય એ બધું એને યાદ આવે અને ટાઈમ મળે ત્યારે એવા પ્રસંગોમાં પોતે ટાઈમ કાઢીને આવવું રાખે. પ્રવૃત્તિમાંથી રુચિ ન થાય. અહીં એકદમ નિવૃત્તિનું ક્ષેત્ર (સોનગઢ), ગુરુદેવ અહીંયા બિરાજ્યા. આ બધું જુદું. અહીંયા તો એકદમ જુદું પાછું. એના સંસ્કાર કેમ રહે? એકત્વ બુદ્ધિ થઈ શરીર સાથે, વિભાવ સાથે—એ અનાદિનું એકત્વ અને આમાં એટલી દૃઢતા કરવી જોઈએ કે ઓલું અનાદિનું સહજ થઈ ગયું એમ આ ચૈતન્ય સહજ સહજ કરી નાખવું એવા અંદર દૃઢતાના સંસ્કાર પડે તો પોતે આગળ જાય. પોતે જુદો છે અને આની (શરીર, વિભાવ) સાથે એકત્વબુદ્ધિ થઈ. કરી શકતો નથી અને પોતે કર્તાબુદ્ધિ મનાવે. એની દિશા આખી ઊંધી થઈ ગઈ. એ દિશાને આખી પલટવાની છે. બહારથી બધું જાણે આવી જાય છે.

(એમ માને છે) બહારથી કાંઈ આવતું નથી. બધું અંતરમાંથી—જ્ઞાન, આનંદ બધું અંતરમાંથી આવે છે. એ માને કે બધું બહારથી આવે છે. બધી દિશા ઊંધી છે. તું સ્વરૂપ—જાણનારું તત્વ—તારા સ્વરૂપમાં રહીને જાણનારો છો. ૮.

**✻ પ્રશ્ન : રુચિની કચાશ કહેવાય? ઉગ્ર પુરુષાર્થ ન આવે તો રુચિની કચાશ કહેવાય?**

● ઉત્તર : રુચિની કચાશ, પુરુષાર્થની કચાશ—એ એકબીજાને સંબંધ છે. એને એમ લાગે કે અંદર રુચિ છે પણ એ બધી અંદર કચાશ હોય. કારણ આવે તો કાર્ય આવે જ. રુચિ અને પુરુષાર્થ બેયને સંબંધ છે. રુચિની કચાશ, પુરુષાર્થની કચાશ—પોતે આળસને લીધે કરતો નથી. 'નિજ નયનની આળસે રે, નિરખ્યા ન નયને હરિ' નિજ નયનની આળસે પોતે આંખ ખોલીને જોતો નથી કે 'હું આ ચૈતન્ય, અહીં આગળ જ છું.' પોતે જોતો નથી અને દૂર બધું જોયા કરે છે. પોતાની આળસને લીધે. આળસ કેમ? પોતાની રુચિ ઓછી. રુચિ અને આળસ બેયને સંબંધ છે. પુરુષાર્થની અને રુચિની કચાશ છે. એ માર્ગ તો ગુરુદેવે સ્પષ્ટ બતાવ્યો છે. એ માર્ગમાં ક્યાં જાઉં? એ માર્ગ તો સૂઝતો ન હોય. પણ એ માર્ગ ગુરુદેવે એકદમ ચોખ્ખો કર્યો છે. ઘણા જીવોને તો અત્યારે (પંચમકાળમાં) માર્ગ મળવો જ મુશ્કેલ છે. કે શું કરવું? ક્યાંય આડે રસ્તે ચડી ગયા હોય છે કે આ જ્ઞાયક સ્વભાવ આત્મા—એને ઓળખતા નથી. કોઈ ધ્યાન કર્યા કરે, કોઈ કલ્પના કર્યા કરે, ધ્યાનમાં કંઈક દેખાય, એવું બધું કંઈક કલ્પના કરે. માર્ગ મળવો એ જ મુશ્કેલ છે. અત્યારે ગુરુદેવે માર્ગ બતાવ્યો તો માર્ગ તો એકદમ સહજ, સરળ થઈ ગયો છે. પણ પોતાની કચાશને કારણે પોતે આગળ નથી વધતો. ૯.

**✻ પ્રશ્ન : રુચિ સાથે આત્મકલ્યાણનો સીધો સંબંધ છે. આત્માનું કલ્યાણ તો કરવું છે પણ આ આપણી સાંસારિક પ્રવૃત્તિ છે. એમાં આપણે કેવી રીતે આત્માનું કલ્યાણ કરવું?**

● ઉત્તર : અંદર આત્માની રુચિ અંતરમાં રાખવી. આ સંસારમાં એકત્વબુદ્ધિ ઓછી કરીને 'મારે આત્માનું કરવું છે' એવી રુચિ અંદર રાખવી અને બહારથી ટાઈમ મળે ત્યારે વાંચન કરવું શાસ્ત્રોનું. જે ગુરુદેવે સમજાવ્યું છે એવા શાસ્ત્રો, ગુરુદેવના પ્રવચનો— જેમાં સમજાય એ વાંચન કરવું. ટાઈમ મળે તો સત્સંગ કરવો. કોઈ વાંચન કરતું હોય. મંદિરે જાવું, ભગવાનના દર્શન આદિ—એમાં ટાઈમ ગાળવો. સાંસારિક પ્રવૃત્તિ ચાલતી હોય તો પણ એમાંથી ટાઈમ મળે, શાસ્ત્રસ્વાધ્યાય કરવો, મંદિરે જવાનો ટાઈમ ન હોય તો શાસ્ત્ર ઘરે બેસીને વાંચવું. એમાં સમજાય નહીં તો શાસ્ત્ર વાંચન તમારે ત્યાં મંદિરમાં પણ થાતું હોય ત્યાં જવું અથવા જ્યાં શાસ્ત્ર કોઈ સમજાવતું હોય ત્યાં જવું. મંદિર જાવું, એમાં ટાઈમ (આપવો), દેવ-દર્શન, પૂજા, ભક્તિ, શાસ્ત્ર સ્વાધ્યાય—એમાં ટાઈમ (આપવો). જે ટાઈમ બચે એ આત્મામાં ટાઈમ ગાળવો અને આત્માનું કલ્યાણ કેમ થાય? સાચો શું રસ્તો છે? તે બધો વિચાર કરવો. આ બધા શુભ ભાવો છે પણ એમાં આત્માનું કલ્યાણ કેમ થાય? એનો વિચાર કરવાનો છે. આ સાંસારિક પ્રવૃત્તિ ચાલતી હોય એમાંથી ટાઈમ કાઢીને પણ અમુક ટાઈમે આટલો શાસ્ત્ર સ્વાધ્યાય કરવો છે. એ ટાઈમ કાઢવાનો. એના વિચારો, અંદર ખટક રાખવી કે આ બધો તો સંસાર છે. આ બધું મનુષ્ય જીવન આ ને આ પ્રવૃત્તિઓમાં ચાલ્યું જાય છે. આત્માનું કાંઈક કરીએ એમ અંદર ખટક, રુચિ રાખવી. શાસ્ત્ર સ્વાધ્યાય, દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, પૂજા—ભક્તિ એ ટાઈમ એમાંથી કાઢી લેવો. ભવનો અભાવ કેમ થાય? એના વિચારો કરવા. આત્મા કોણ છે? આત્માનું સ્વરૂપ શું છે? પહેલાં એકદમ પુરુષાર્થ ઉપડતાં એટલે એ બધા મુનિઓ થતા હતાં સંસાર છોડીને. અત્યારે અંતરમાંથી નિર્લેપ રહીને, પોતે સ્વરૂપને ઓળખીને પણ અંતરમાં કરી શકે છે. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ કરી શકે છે. પોતે અંતરની રુચિ અંદર પ્રગટ કરે, અંદર સંસારનો રસ ઓછો કરી નાખે,

અંદરથી એકત્વબુદ્ધિ તોડી નાખે, વિચાર—વાંચન—એમાં ચિત્તને જોડી દે એવું થઈ શકે છે. ૧૦.

✻ પ્રશ્ન : આપણે વ્યવહારિક રીતે જે સત્ ધર્મ વગેરે જે કરવાનું હોય એને વધારે મહત્વ આપવું કે આપણા આત્માનું ?

● ઉત્તર : આત્માનું મહત્વ વધારે આપવું. સંસારમાં બેઠો છે એટલે કરવું પડે છે. બાકી મહત્વ આત્માને આપવું. એ (સંસાર) મહત્વશાળી વસ્તુ નથી. સંસાર એ કાંઈ મહત્વનો નથી. એ તો પોતાને રાગ છે એટલે એમાં જોડાય છે. ૧૧.

✻ પ્રશ્ન : સત્કર્મ (કે જેનાથી કોઈનું ભલું થાય) એની પાછળ આપણે વિશેષ સમય આપીને કોઈનું ભલુ કરવું કે આપણા આત્માના કલ્યાણ માટે વધારે સમય આપવો ?

● ઉત્તર : ભલુ થતું હોય એમાં પોતાને રાગ આવે. પણ એ પોતે બીજાનું કરી શકતો નથી. બીજાનું ભલુ પણ પોતે નથી કરી શકતો. એના પુણ્ય-પાપના ઉદયો હોય છે એમ બને છે. બીજા માણસનું ભલુ થાય એ કંઈ પોતે નથી કરી શકતો. પોતાને રાગ આવે છે. એ પ્રમાણે પોતાને રાગ આવતો હોય એ રાગ પ્રમાણે એ છૂટી જાય ત્યાંથી. એના જે ભાવ આવતા ન રહી શકતો હોય પોતે ગૃહસ્થાશ્રમમાં છે એટલે. બાકી પોતાને કરવું હોય એને કાંઈ ગૌણ કરી શકતું નથી. ટાઈમ ન મળે કોઈવાર તો પોતે અંદર રુચિ રાખે, ટાઈમ કાઢવાનો પ્રયત્ન કરે, અંદર રુચિ રાખે. બાકી મહત્વ તો આત્માનું જ છે. બાકી કાર્યોનું નથી. ૧૨.

✻ પ્રશ્ન : અમને પુણ્ય ઉપાર્જન થાય એવું કંઈ ?

● ઉત્તર : એ બધું આત્મા તરફ રુચિ રાખે તો પુણ્ય પણ એમાંથી થાય. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા અને આત્મા તરફની રુચિ (એનાથી) પુણ્ય પણ એમાં થાય છે. બધું એમાં જ થાય છે. એ પુણ્યને જીવ ઈચ્છતો હોય તે પણ દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમામાંથી થાય છે. એ બહારના કાર્યોથી કાંઈ આત્મા મળે એવી જાતના પુણ્ય બાહ્યના

કાર્યોથી થતાં નથી. એ બધાથી આ સામાન્ય પુણ્ય થાય છે. જિનેન્દ્ર દેવ-ગુરુ-શાસ્ત્ર સર્વોત્કૃષ્ટ છે. ધર્મ, મોક્ષ પણ ભગવાને બતાવ્યો, એને જે ભગવાને, ગુરુએ બતાવ્યો એ મોક્ષ પણ એમના શરણમાં થાય છે. (એના તરફના) એ પુણ્ય પણ એમના શરણમાં થાય અને મોક્ષ પણ એમના શરણમાં થાય. બીજે ક્યાંય નથી. ૧૩.

**✻ પ્રશ્ન : રુચિમાં વધારો કેમ થાય? શાસ્ત્ર અભ્યાસ છે અને ચાલુ છે છતાં રુચિ વધતી નથી. માટે કૃપા કરીને અચૂક ઉપાય બતાવો જેથી અમારું કલ્યાણ થાય.**

● ઉત્તર : એ તો પોતે પુરુષાર્થ કરે તો થાય. શાસ્ત્ર અભ્યાસ કરે છે પણ અંતરમાં પોતે રુચિ પોતાથી વધારવી. આ બહાર ઉપરથી લક્ષ છોડી, બહાર ક્યાંય એને સુખ ન લાગે. સુખ અંતરમાં છે. અંતરનું સુખ અને આનંદ કેવી રીતે પ્રગટે? એ તરફ લક્ષ કરવું. બાહ્ય તરફથી એને મહિમા છૂટીને ચૈતન્યની મહિમા આવવી જોઈએ. અંતરની રુચિ વધવા માટે શાસ્ત્ર અભ્યાસ તો નિમિત્ત છે. પણ પુરુષાર્થ તો પોતાને કરવાનો છે રુચિ વધવાનો. દેવ-ગુરુ-શાસ્ત્ર એ નિમિત્ત છે. પણ ઉપાદાન તો પોતાનું છે. પોતે પોતાથી રુચિ વધારવાની છે કે કેમ મને ચૈતન્ય તત્વ કોઈ અપૂર્વ છે એ ચૈતન્ય તત્વની કેમ પ્રાપ્તિ થાય? અંતરમાં કેવી રીતે એ ઓળખાય? એ કેવી રીતે પ્રગટ થાય? એ બધી રુચિ વધવાનું કારણ પોતે જ છે. પુરુષાર્થથી થાય છે. બહાર વિભાવથી એને આકુળતા લાગે. ક્યાંય સુખ ન લાગે કે આ શુભાશુભ ભાવો બધામાં જેને આકુળતા લાગે. શુભભાવ આવે તો પણ તે આકુળતારૂપ છે. શુભભાવ આવે ખરો પણ એ શુભભાવ એ આકુળતા સ્વરૂપ છે. એ ચૈતન્યનું મૂળ સ્વરૂપ નથી. એમાંય એને આકુળતા લાગે પણ એક નિરાકુળ જે ચૈતન્ય તત્વ છે એમાં સ્વયં આનંદ છે. સહજ આનંદ છે. જે કોઈનો બનાવેલો નથી એવો જેનો આનંદ છે, સહજ જ્ઞાન ભરેલું છે—એવું ચૈતન્ય તત્વ કેમ પ્રગટ થાય? એવી રુચિ વધવાનું કારણ પોતે જ છે. બહારના

જે દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે. ઉપાદાન કારણ પોતાનું છે. પોતે પોતાથી કરે છે. જિનેન્દ્ર દેવનો, ગુરુનો ઉપદેશ, શાસ્ત્રનું શ્રવણ, શાસ્ત્રનો અભ્યાસ બધું નિમિત્ત છે. ઉપાદાન પોતાનું છે. અનંતકાળમાં જે અજાણ્યો માર્ગ એ પોતે જ પોતાથી જ ઉપાદાન પોતાનું તૈયાર કરે તો પોતા તરફ પોતે વળી શકે છે પણ એમાં અનાદિ કાળથી ગુરુનો ઉપદેશ કે દેવનો ઉપદેશ નિમિત્ત બને છે. દેશનાલબ્ધિ પહેલા હોય છે. પણ એ દેશના ગ્રહણ કરનાર તો પોતે છે. માટે ઉપાદાન પોતાનું છે. પોતે પોતાથી જ વધવાનું છે. ૧૪.

**✻પ્રશ્ન : શાસ્ત્રમાં આવે છે કે મુમુક્ષુ જીવને આત્મામાં રુચિ હોવી જોઈએ પણ જીવને સમકિત તો થયું નથી તો એ કેવી રાતે હોઈ શકે ?**

● ઉત્તર : જેને સત્ તરફની રુચિ લાગી છે એને યથાર્થ વસ્તુ શું છે ? આત્માનું કરવું છે. આત્માનું સ્વરૂપ કોણ બતાવે ? એવી એને અંદરથી ભાવના થઈ છે. તો જે સત્ પુરુષો આત્માની વાત કરતા હોય, સ્વાનુભૂતિની વાત કરતા હોય તો એને એવી અંતરની જિજ્ઞાસા જાગી છે કે એને એવા પરીક્ષા કરવાના નેત્રો એવા થઈ ગયા છે કે આ સત્ પુરુષ છે અને સ્વાનુભૂતિની વાત કરે છે અને મુક્તિના માર્ગની વાત કરે છે. એવી એના જ્ઞાનમાં નિર્મળતા અમુક પ્રકારની આવી જાય છે કે એ પકડી શકે છે. એને જિજ્ઞાસા એવી જાતની પ્રગટ થઈ છે અંતરમાંથી. સત્ તરફની રુચિ એટલે એ ગ્રહણ કરી લે છે. હજી પ્રગટ નથી થયું પણ જેને પ્રગટ થયેલો છે એને ઓળખી લે છે. એની રુચિ એવી જાતની છે. ૧૫.

❀ બહેનશ્રી : સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. મુનિઓને ચારિત્રની ભાવના થાય તો એકાંતમાં ચાલ્યા જાય છે. તે એકાંતથી થતું નથી. પણ એવી ભાવના આવ્યા વગર રહેતી નથી. એમ જેને આત્માનું કરવું હોય એને ભાવના આવ્યા વગર રહેતી નથી. એનાથી બનતું નથી. એ કરાવી દે છે એમ નથી પણ એવી ભાવના આવે છે. ૧૬.